દાખલ થાએલા નોહુતા, તેથીકરી તેટલી મુદતમાં ચાલતી આવેલી ભુલે તેઓને લગભગ ૧૧ દાહાડા પછાત પાડી દીધા તારે સપટેમબરની ૩ જી તારીખને ૧૪ મી ઠેરવી બેસાડીને ફ્રરકના અગીઆર દાહાડા તેમાંથી શાબદા કાહડી નાખવા માટે ઈસવી સને ૧૭૫૧ માં મરહુમ રાજા જારજ બીજાના ચોવીશમાં વરશની હકુમત વખતે પરલામેંટે પસાર કીધેલા એક પકા ધારામો એવું ઠેરવીઊં કે સને ૧૮૦૦—૧૯૦૦—૨૧૦૦—૨૨૦૦—૨૩૦૦—અને તે પછે આવતી સધલી સદીની સરૂઆતનાં વરસને ૩૬૫ દાહાડાનું વરસ ગણવું; શીવાય દર ચોથી સદીનું વરસ જે ૩૬૬ દાહાડાનું થાય તેમાં સને ૨૦૦૦) ને સરૂઆતનું પેહલું વરસ જાણવું. ઇઆને દર શોમે વરશે જે ૩૬૫ દાહાડા ગણાતા આવેચ તેમાં દર ચાર શોમે વરશે એક દાહાડો વધારે લઇને ગણતરીમાં પડતી કસર પુરી કરવાનું સતાભરેઊં ફ્રરમાન જાહેર થએલું સમજવું.

પારલામેંટના તેજ વખતે બંધાએલા કાયદાથી વરસની વાજબી સરૂઆત તા૦ ૨૫ મી મારચ ઉપરથી ફ્રેરવીને તા૦ ૧ લી જાનેવારીએ ઠેરવીઆમાં આવેલી છે. જેથીકરી તા૦ ૨૪ મી સુધીનાં આવતા જાનેવારી, ફ્રેબરવારી, તથા માંરચનાં મહીનાઓને જુની ધોરણ પરમાણે સને ૧૭૬૨ નો ભાગ ગણેઆમાં લાવતા હતા, તેને ૧૭૬૩ માં પેહલા તરણ મહીનાઓમાં દાખલ કરી લીધા, અને એજ કારણથી કોઈ વખતે નીચે જણાવેલી તારીખ સાથે તેઓ મલતા આવેછે જેમકે:—

તા૦ ૧૦ મી મારચ ૧૭૭૪—૭૫.

એટલે જે જુની રીત પરમાણે ૧૭૭૪—અને નવી રીત મુજબ ૧૭૭૫.

ગોલદેન નંબર·······	૧૦	ડામીનીકલ લેતર ······	A.
એપાકટ···········	૯	રોમેન ઇનદીકશાન ······	૧૪
શોલર શાઇકલ ······	૪	જુલીએન પેરીઆદ······	૬૩૮૪

સોલર સાઇકલ.

એ અંગરેજી શબદનો અરથ શુરીઅની ચાલનાં ચકરાવાનો થાએછે, અને તે ૨૮ વરશની મુદતનો કેહવાએચ, ઈઆને અઠાવીશ વરશનો એક સાઈકલ અથવા જુગ ગણેઆંમો લેવાએ છે, અને જારે તે સધલી સંખેઆ પુરી થાએચ તારેં તેનો દોર તેજ દરજજે પેહલાં વરશથી પાછો શરૂ થાએછે. કેહચ કે ઈશવી શને પેહલામો એ સાઈકલ અથવા દોરનું દશમું વરશ ચાલતું હતું.

લીઊનર શાઇકલ.

હેનો અરથ ચંદરની ચાલનાં દોરનો થાએછે; સાધારંણ રીતે "ગોલદેન નંબર" અને કોઈ વારતો "મીટાંણીક શાઇકલ"બી તેને અંગરેજીમાં કેહછે. કારંણ કે આથેણ દેશનાં રેહવાશી મીતંણ નાંમનાં એક ફીલશુફે હજરત ઈશાના જણમની ૪૩૨ વરસ આગમજ "ગોલદેન નંબર" ની પેહલ વેહલી સથાપના કીધી હતી; તેનાં નાંમની ઈઆદગારી તે ઉપરથી રાખેલી જણાએછે. હેનો ચકરાવો ૧૯ વરસનો જે મુકરર કીધેલોછે તેટલા વખતમો ચંદરમાંહ ને શુરીઅની સાથે મલતાં, સાંહમને આવતાં, અને બીજી દરશટી પોંહચાડતાં જેમ આગલાં ૧૯ વરસનાં મહીનાંવોની જે તારીખોએ તે જાંહાં હતો તાંહાં તેજ દાહાડે તેને દાખલ થતાં ૧ાા કલાકનો તફાવત પડેછે. એ "ગોલદેન નંબર" તે આએ શાઈકલ (અથવા ચકરાવા) મો પશાર થાએલાં વરશોની ઉપલી સંખેઆને કેહછે; અને તે જુગનાં માંતરે બેએજ વરસ હજરત ઈશાના જનમની આગમજ વહી ગએલાં હતાં.

રોમન ઈનદીકશંન.

કાંનસટાંનટાંઈન નાંમના રોમ દેશના મોહટા સાહનશાહે પોતાનાં જીલ્લાવો ઉપર મેહશુલનો કર નાંખવા માટે દર ૧૫ વરસની મુદતનું એક બંધાંન જે થેડવેલ્ં હતું તેને "રોમેન ઈનદીકશંન" કેહવામો લાવેછે; અને એ ચકરાવા મધેનાં માતરે તરણ વરસ ઈશાનાં જણમની આગમજ વહી ગએઆં હતાં તે હસાબે ઈશવી સને પેહલામો એ દોરનું ચોથું વરસ ગણાએલ્ં જોઈએ.

જુલીએન જમાંનો.

શુરીઅની દોરનાં ૨૮, ચંદરની દોરના ૧૯, તથા રોમેન ઈનદીકશશેનની દોરના ૧૫) વરસ મલીને તે દરએકની સાથે ગુણતાં જે ગુણાકાર આવેઓ તેનાં એ જુલીએન જુગનાં ૭૯૮૦ વરસ કેહવાએઆંછે; એ ઈઉગતી જોશેફ જશટી શકેલીજર નાંમના એક વીદવાંને ઈશવી સને ૧૫૮૩ માં તવારીખોની નોંધ રાખવાનાં કારણશર ઉભી કીધી હતી; અને તે ઈશાઈ લોકોની વસતીમાં સંધલા શીતારેશનાશો તથા તવારીખના અભેઆશીઓની ગણતરીમાં મુકરર કીધેલા સને દાખલ જે શચવાએલોછે, તેની શરૂઆત એ ઈશાઈ લોકોના એતેકાદ પરમાણે દુણીઆં પેદા કીધાની શાધારણ તેરીખની ૭૧૦ વરસ આગમજ, અથવા ઈસવી સનેની ૪૭૧૪ વરસ પુરવે થાએલી કેહછે.

વખતની વેંહચણી.

	કલાક.	મીનીટ.	સેકંદ.
શુરીઅની ચાલનાં પરમાંણુનો દીવશ..........	૨૪	૦૦	૦–૦૦
શીતારાવોની ચાલનો દીવશ	૨૩	૬૬*	૪–૦૯
ચંદરની ચાલનાં પરમાંણુનો દીવશ	૨૪	૫૨	૦–૦૦
દરીઆવમાં થાતી ભરતી તથા ઓટનાં પરમાંણુનો દીવશ.	૨૪	૪૮	૦–૦૦

મહીનાના દાહાડાઓ.

	દાહાડા	કલાક.	મીનીટ	સેકંદ.
ચંદર શીતારાની ચાલનો જેને "સીડનર શાઇડીરીઅલ" કેહછે	૨૭	૭	૪૩	૧૧–૫
ધરંમઆચારીની ગણતરીનો, જેને "શીનોદીક" કેહછે.	૨૯	૧૨	૪૪	૨–૮૭
જોતીશી લોકોના બંધાનનો, જેને "તરોપીકાલ" કેહછે.	૨૭	૭	૪૩	૪–૭
શાકભરેલો જેને "અનોમેલીશટીક" કેહછે	૨૭	૧૩	૧૮	૩૭–૪
રાહુની ચાલનો—જેને "નોદાલ"નુ નામ આપેલુંછે ..	૨૭	૫	૫	૩૬–
ચંદરનો ધરતીના ઘેરાવમાંથી ઉતરાઈ જવાનો વખત.	૦૦	૫૦	૮	૪૭–૯

„ બેઓ રેખાની વચેનો તફાવત જેને "એકશેનત્રીશીટી કેહેછે" ૦૦૫૪૮૪૪૨

„ જમીનની વચેના અરધભાગનો તફાવત ૬૦–૬૭

વરશનું બંધાંણ.

રાખ ભરેલું વરસ	૩૬૫	૬	૧૩	૪૯–૩
શીતારાની ચાલનુ વરશ	૩૬૫	૬	૯	૧૩–૭
સાધારણ અથવા જોતીશીઓના ઠેરાવ મુજબનુ વરશ.	૩૬૫	૫	૪૮	૪૯–૭
ચંદરની ચાલનુ વરશ	૩૬૪	૮	૪૮	૩૪–૪૪

ઉપલી વીગત ઉપરથી હેવું જણાઈ આવેચ કે જેમ જેમ વીદેઆનું અજવાલું ઇઓરોપ ખંડમાં વીશેશ પરકાશતું થાએગ તેમ તેમ તાંહાંના ગણીત શાશતરીઓએ વખતની વેંહેંચણી એવી તો પુખત રીતે બંધ બેસાડી કે તે ઉપર હવડાં સરવે કોઈ વગર વાંધે અમલ કરેછે અને તેજ ધોરણથી હજરત ઈશાની ઉમતના સઘળા પંથવાલાઓ એક મતથી અમલ કરતા આવેછે; તો જોકે કેટલાક ધરંમગુરૂઓના ફૂતવાએ રોમન તથા ગરીક લોકોનાં જીગરમાં વેહમભરેલી કેટલીક વારતાઓ ઠસાવી રાખીચ પણ તેથી કરી પાછલે દાહાડે ગોઠવાએલી તારીખો તથા મહીનાંઓને કસોબી એલજામ પોંહચેઓ નથી, વાસતે વગર ઘાસતીએ તે વીશેની નોંધ અતરે લઈને જણાવીએચ કે એ લોકોએ પાછલી

---

* મીનીટની શંખેઆમે: અશલ ભુલ થાએલી જણાએછે,

ગોઠવણ પરમાણે વરસ એકના બાર મહીના જુદાં જુદાં નામથી ઠેડવીને ૩૬૫ા દાહાડા જે ગણેઆ હતા પણ તે પછે સીધ થાએલી ગણતરીએ ઇંગલાંડ દેશમાં બાર મહીનાને પુરા થતાં મીનીટ ૧૨–ને ૧૨ સેકંદની થોડેક અંદર ઓછી જણાવા લાગી માટે હવડાં વરસના દીન ૩૬૫) ની ઉપર માતરે કલાક ૫)૪૮–૪૯–૭–સેકંદ વધારતા રેહેચ તેમાં ફૂરક માતરે એટલોજ જણાએચ કે તેઓ માહેલા દરીઆ ખેડનારા નાવીક શાશત્રીઓ બરોબર બપોર થયા પછે અને સંસારીઓ મધીઅરાતરે બાર વાગેઆપછે બીજો દાહાડો ગણત્રીમાં લીએછે પણ વેહેવારી લોકોનાં વપરાશસારૂ તો સુરીઅ ઉદે થયા પછે બીજો દીવસ હીસાબ કેતાબોમાં રેવાજ પામતો રેહછે માટે બંદોબસતમાં થેડવાએલા મહીના તથા દાહાડાની વીગત હેઠલ જણાવીએછે.

પેહેલો	મહીનો	જાનેવારી	દીન	૩૧ નોં.	સાતમો	મહીનો	જુલાઇ	દીન	૩૧ નો.
બીજો	,,	ફેબરવારી	,,	૨૮ ,,	આઠમો	,,	આગસ્ટ	,,	૩૧ ,,
તરીજો	,,	મારચ	,,	૩૧ ,,	નવમો	,,	સપટેમબર	,,	૩૦ ,,
ચોથો	,,	એપરેલ	,,	૩૦ ,,	દશમો	,,	અકટોબર	,,	૩૧ ,,
પાંચમો	,,	મેએ	,,	૩૧ ,,	અગીયારમો	,,	નવેમબર	,,	૩૦ ,,
છઠો	,,	જુન	,,	૩૦ ,,	બારમો	,,	ડીસેમબર	,,	૩૧ ,,

હવે વરસ એકના દીન ૩૬૫) પુરા થયા, અને બાકીના કલાકોની કસર જે વધી, તેને પાઅ દાહાડાની ઇઆદદાસતમાં સાચવી રાખવા સારૂ દર ચોથે વરસે ફેબરવારી મહીનો જે ૨૮) દંનનો છે, તે ઉપર ૧) વધારીને દીન ૨૯) નો કરેછે એટલે તે વરસ ૩૬૬) દીનનુ ગણાએછે. પણ સુરીઅની ચાલનો મુકાબલો મેળવતાં ઉપર જણાવેઆમુજબ થોડીક મીનીટની જે કસર આવેચ તેટલામાટે દર સનેની સદી પુરી થયા પછેનાં પેહલાં ૪) વરસ સુધી ફેબરવારી મહીનામાં દીન ૨૮ તથા દર ચારસોમે વરસે એક દીવસ અદીક લઇને તેટલી કસર જારે મુજરે આપેચ તારે વરસની ફૂસલ સાથે તેઓની હાલ ગોઠવેલી ગણતરી સેહલાઇથી મળતી રેહેછે. એ ઉપરાંત અઠવાડીઆના સાત વારો જેમ ગુજરાતીમાં રવીવારથી સરૂ થઈ ગણાએછે તેમ અંગરેજી જુબાંનમાં તેઓએ ગોઠવેલા જુદા જુદા નામોથી ગણવામાં આવેછે.

સનડે. મનડે. ચીઉશડે. વેડનેશડે. થરશડે. ફ્રાઇડે. સાટરડે.

એ લોકોએ આખો દાહાડો તથા રાત મલીને બરોબર ૨૪) કલાક ગણતરીમાં લઈ તે માહેલા દરએક કલાકની ૬૦) મીનીટ, દર મીનીટની ૬૦) સેકંદ તથા એક સેકંદનાં ૬૦) ઠરડ મુકરર કીધેલાછે અને રૂતુના ફેરફારથી તેમાં જે વધુ ઓછું થાયછે તેનો સુમાર પકડી ચાલવા બાબે ઉપર વીસતારી જણાવેલું વાંચનારા સાહેબોની વાકેફગારી સારૂ ધારીએચ કે બશ થાસે.

તીરથ તથા તેંહવારના દાહાડઆ.

એ કોમ માહેલા રોમન કેઆથોલીક પંથવાલાઓની તીરથો તથા તેહવારો જે આવેચ તે સાથે તો એજ લોકો શીવાય કોઇને કામના નહી હોવાને લીધે પડતા મેલીને જાહેર રીતના મોહટા તેહવારો જે એ કોમના સઘળાઓને ઉપીયોગી છે તે તથા રોમન લોકોના એકાત બેએ ફૈસતાઓ જે મુંબઈમાં થાયછે તેની ઈઆદદાસત અતરે નોધી લઈએછે.

તા૰ ૧ લી જાનેવારી—નવું વરસ એને અંગરેજીમાં "નીઉ ઈઅર ડ" કરીને કેહેછે અને એજ દાહાડે ઇસવી સનેબી બદલાએછે.

તા૰ ૩, ૭ મારચે—શાહનશાહ ટાઇબેરીઅશાનાં રાજનું ૧૮ મું વરસ ચાલતું હતું તે વખતે હજરત ઈસા પેગંમબરને તેનાં ૩૩)મા સનેમાં ઈયાહુદી લોકોએ ઘણીજ કમકમાટ ભરેલી રીતે હાથ તથા પગમાં ખીલા ઠોકીને મારી નાખેઆ જેને અંગરેજીમાં "કરૂશીફાઈ" કરીને કેહેછે.

તા૰ —ગુડફરાઇડે ઈઆને એઓના પેગંમબર હજરત ઇસાનું પવીતર મુરદું મારી નાખેઆ પછેના પેહલા શુકરવારે હાથ લાગું હતું તેની ઈઆદગારીમાં એ તેહવાર તે લોકો પાળેછે. પણ એ તેહવાર ઘણુકરીને કોઈ વરશે મારચ અથવા એપરેલ મહીનામાં આવેચ તેનુ કાંઈજ પરમાણ એક સરીખું જણાતું નથી કેમકે તેની ગણતરી ઈસતરના. તેહવાર ઉપરથી તેઓ લેતા જણાએછે.

તા૰ ૨૫ અને ૨૬ મારચે—પુરવ પરવ જેને અંગરેજીમાં "ઇસતર હાલેડે" કરી કેહેછે.

તા૰ ૨૧ મી મેએ—આરાશેણું સનદે ઇઆને હજરત ઇસા આસમાન ઉપર જઇ આવેઓ હતો તેની ઈઆદગારીનું પરવ.

તા૰ ૧લી તથા ૨૭ જુને—"પેનટીકોશટ હાલેડે" ઈસતરના તેહેવાર વીતેઆપછે ૫૦) દાહાડે ઈઆહુદી લોકોનો એ તેહવાર આવેચ તે ઉપરથી એને ઉઇહીત સન ટાઈડના તેહવારમાં ફેરવી લીધામો આવેઓછે.

તા૰ ૮ મી સપટેમબરે—માહીમનો ફેસતો. ⎫ એ તેહવાર પોરટીઉગીસ લોકોજ
તા૰ ૯ મી સપટેમબરે—વાંદરાનો ફેસતો. ⎭ પાળેછે.

તા૰ ૨૫ મી ડીજેમબરે—"કરીશતમીશદે" એને વળી કેટલાક લોકો નાતાળબી કેહેછે. એઓના પેગંમબર હજરત ઇસાનો જનમ આગળી તારીખની રાતરે કલાક ૧૨ ને અમલે થયો તેની ખુશાલીમાં પરવ ગોઠવીને તા૰ ૩૧ મી ડીજેમબરસુધી ચાલુ રાખેછે.

એ તેહેવારો માહેલા કેટલાક દીવસો ઉપર સઘળી સરકારી આફીસો તથા અંગરેજી વેપારખાતાની પેહડીઓ મધેથી દર સાલ સદા રજા મળેછે તેની ગોઠવણ હેઠલ જણાવીએચ.

ઇશાતર હાલિડેના દીન ૨
આસેનંશન ડેના દીન ૧
પેણ્ટીકોશાત હાલિડેના દીન ૨
ક્રીશટમાશ ડેના દીન ૬

આએ ગોઠવણમુજબ દીન ૧૧ ઉપરાંત નવાં વરસ ગુડફ્રાઇડે. તથા નામદાર મહારાણી વીકટોરીઆની શાલગીરેના મળી તરણ દીવસ મળતી છુટીના ગણંતાં એકંદર દીન ૧૪ થાયછે.

પારશી લોકોના રેવાજની હકાએત.

લાખ દરલાખો શોકર અને કરોડ દર કરોડો શેપાએશછે તે અજીમ કુદરતનાં શાહેબની બખશેશનાં કે એ નાંમવર તોલા મધે માંતરે એક મહીનાનાં ભુલાવા સંબંધી મતફેર શેવાએ બીજી કોઇબી રીતની જુદાઇ ચાલેલી નથી, પણ તેઓ બેહુ પંથવાલા શાહેઓ સંનસાર, વેહવાર, તથા શાદીરામશાનીમાં એક બીજાસાથે રોજે અવલથી જે ભેલાઈ રહેલા છે તેજ નેમ ઉપર હુજી તક શાએત કદમ દેખાએછે, માટે હાવી ખુબીવંતા ફીરકાને ખરેખરી શાબાસી તથા શોભા ભરેલી મુબારકબાદી આપી તેઓના રેવાજ પામેલા રોજ:માહ તથા વખતના નામો જે તેઓના એતેકાદ મુજબ ફરેસતાઓ સાથે તાલુકો રાખેછે તેના કોઠા હેઠલ જણાવીઆ પેહલાં આટલી તો ઇઆદી નોધવી જોઇએચ કે એ ટોળાના લોકોએ પોતાનો સને તેઓના ઇરાનવેજમાં થઇગએલા છેલ્લા પાદશાહ ઇઅજદેજરદને તખત ઉપર બીરાજેઆનાં દીવશથી જે ચાલુ કીધોચ, તેજ ઇઅજદેજરદી સંનેને ઘણી ઓશતવારીથી તેઓએ જાહાલી રાખેઓછે. જે વાતને આજે ૧૨૪૧) મું વરશ જે ચાલતું કેહવાએચ તેની સાથે દર શાલના રાખેતા મુજબ બાર મહીનાંના નાંમો હેઠલ પરમાંણેછે.

પેહલો—ફ્રૂઅરદીન.
બીજો—અરદીબેસત.
તરીજો—ખોરદાદ.
ચોથો—તીર.
પાંચમો—અમેરેદાદ.
છઠો—શેહરીવર.
સાતમો—મેહેર.
આઠમો—આબાં.
નવમો—આદર.
દશમો—દેએ.
અગીઆરમો—બહમન.
બારમો—સપંદાદમદ.

તીશ રોજનાં નાંમો.

પેહલો-હોરમજદ.	અગીઆરમો-ખોરસેદ.	એકવીશમો-રાંમ.
બીજો-બહમન.	બારમો-મોહોર.	બાવીશમો-ગુઆદ.
તરીજો-અરદીબેશત.	તેરમો-તીર.	તરેવીશમો-દેપદીન.
ચોથો-શેહરીવર.	ચઉદમો-ગોશ.	ચોવીશમો-દીન.
પાંચમો-શાપંદારમદ.	પંદરમો-દપમેહેર.	પચીશમો-અરશાસંગ.,
છઠો-ખોરદાદ.	શોલમો-મેહેર.	છવીશમો-આશતાદ.
સાતમો-અમેરેદાદ.	શતરમો-શરોશ	સતાવીશમો-આશમાન.
આઠમો-દેપાદર.	અઢારમો-રશણો.	અઠાવીશમો-જમીઆદ.
નવમો-આદર.	ઓગણીશમો-ફરઅરદીન.	ઓગણતીશમો-માહરાશપંદ.
દશમો-આબાં.	વીશમો-બેહેરાંમ.	તરીશમો-અણરાંણ.

એ ૩૦) દાહાડાનો એક મહીનો ઠેરવાએલોછે તે મુજબ ઉપલા પેહલા કોઠામો દેખાડેલા ૧૨) મહીનાંનાં કુલે દીન ૩૬૦) થાએઆ, જેની ઉપર પાંચ દાહાડા ગાથાનાં વધારીને ૩૬૫) તું એક વરશ પુરૂં કરેછે. તે વધારાનાં દીવશો બાર મહીનાં તમાંમ થાએઆ પછે તેની પાછલ વરશની ગણતરી શંમપુરણ કરવામાટે આએ રીતનાં નાંમોથી વપરાશમાં લીએછે.

૧ લો-અહોનુઅદ,
૨ જો-ઉસતુઅદ,
૩ જો-શપંતોમદ,
૪ થો-વોહુખશાથર,
૫ મો-વહેશતોઈઅશત.

વખતની વેંહચણી.

રાત અને દાહાડો મલીને ૨૪) કલાક જે થાએચ તેને બંદગી તથા બીજી કીરીઆ સારૂં-છઅ વખતમાં અલાહેદાં નાંમોથી વેંહચી આપેઆંચ તેઓને ઘેહ કરી કેહછે.

પેહલી ઘેહ હાવન.....દીવસ ઉગેઆથી સુરીઅ બરાબર મધમો આવતાં બપોરે બારનાં અંમલસુધી.

બીજી ,, રપીથવન....બે પોહોરના કલાક ૧૨ થી તે પાછલે પોહોરે કલાક ૩) સુધી.

તરીજી ,, ઉજીરન ....તરણ વાગતાંથી તે સુરીઅ અસત પામતાંસુધી.

ચોથી ,, એવેશરૂથરેમ...સંજાકાળથી તે મધરાતરે કલાક ૧૨)નાં અમલસુધી.

પાંચમી ઘેહ હોસન……મધરાતરે કલાક ૧૨)થી તે પોહોર ફાટવાની આગમજ સુધી.

છેલ્લા વખત હોશબામનો..જે પોહોર ફાટતા આવેચ તેની જુજવાર આગમજ.

ગરમીની રૂતપર દાહાડો જારે મોટો થાયચ તારે પેહલા ફરૂઅરદીન મહીનાના હોરમજદ રોજથી તે ૭) માં મેહર મહીનાનાં ૩૦)માં અણારાન રોજસુધી માતરે રપીથવન ઘેહ, (ઈઆને ગરમીની રૂતનો વખત) અને તે પછેનાં પાંચ મહીના શીઆળામો જારે દાહાડો ટુકો હોયછે તારે દીવસ ઉગેઆ પછેથી તે છેક પાછલે પોહરે તરણ વાગતાં તુલીક હાવન ઘેહનો અંમલ કાએમ રાખીને પછે તરીજી ઘેહથી વખતના પરમાણમુજબ બીજા દીવસનો પોહોર ફાટતાં તુળીક જુદાં જુદાં નામોવાલી ઘેહ વાપરવાનું તેઓને જરૂર ફરમાનછે. પણ ઠસરની ગણતરી ઘણું થયું એ લોકોના ધરમગુરૂઓ તદન મુકી બેઠાથી ફસલ સાથે વખતબી મળી શકતો નથી માટે સુરીઅની ચાલથી દર વરસે ૩૬૫) ની ઉપર લગભગ ૦ા દાહાડો જે વધેચ તે જો કદાપી એ ભલીદીનના સાહેબો એકમતથી ગણતરીમાં લેતા રહીને દર ચોથે વરશે એક દાહાડો અથવા ૧૨૦)મે વરસે એક મહીનો અશલ રેવાજ મુજબ અથવા તેમના બીજા કોઈબી ફરેસતાને નામે થેડવીને ગોઠવે, અને વખતસર પાઅ દાહાડાની કસર લીધાથી દર પુરી થાતી સદીનાં પેલાં ચાર વરસ સુધી ૩૬૫) તથા ચોથી સદીના ૩૬૬) દાહાડા કાયમ રાખે તો, તેથી કરીને તેઓના પાવ મેહલની પાકીજેહ કીરીઆમો કાંઈબી ખલેલ પડવા જેવું જણાશે નહી, પણ દુનીઆના બંધાનમાં શુરીઅની ચાલ પરમાંણે આપરે હાથથી ખીશી ગએલી ફશલ. સાથે દાહાડાઓ એક સરીખા મલતા રેહશે તો તેઓનાં ધરમની બુજોરગીમાં ખચીત વધારો થાશે. હેવી ગરીબ મીશકીનની પરારથના છે.

બીજી કોમવાલાઓની પઠે એ લોકોમાં અથવાડીઆનાં વારો જોવામો આવતા નથી પણ તેનાં અંતરાની પીછાંણત સારૂ પેહલાં અથવાડીઆંની શરૂઆતનો જેમ પેહલો હોરમજદ તેમજ બીજાંનો દેપાદર, તરીજાંનો દપમેહર, અને ચોથાંનો દેપદીન રોજ ગોઠવીને બાકીના રોજ તેમાં શમાંવી દીધા પછે દીન ૩૦) નો એક મહીનો પુરો થાએલો શમજવામો આવેછે. તેમાં પેહલાં બેએ અઠવાડીઆં દર સાત, અને છેલ્લાં બેએ દરએક આઠ દીનનાં હોએછે. તેનાં તરીશ રોજ જે થએઆ તેઓને દાદાર અહુરમજદનાં નાંમ ઉપરાંત છઅ અમેશાશપંદોની શાથે વેંહચીને તેનાં સાત હંમકાર આએ રીતે કીધેલા છે.

૧ લા હંમકાર–હોરમજદ, દેપાદર, દપમેહર, તથા દેપદીન.
૨ જો હંમકાર–બહમન, મોહોર, ગોશ તથા રાંમ.
૩ જો હંમકાર–અરદીબેહશત, આદર, શરોશ, તથા બેહરાંમ.
૪ થો હંમકાર–શેહરીવર, ખુર (ખોરશેદ) મેહર, આશમાંન તથા અંણારાંણ.

૫ મો હંમકાર-શપંદાદમદ, આબાં, દીન, અરદે (અરશેશાંગ) તથા માહરાશપંદ.
૬ ઠો હંમકાર-ખોરદાદ, તીર, અરદાફરૂઆશ (ફરૂઆરદીન) તથા ગુઆદ.
૭ મો હંમકાર-અમેરેદાદ, રશણે, આશતાદ, જમીઆદ.

એ તરીશ રોજની ઉપરાંત બીજા તરંણ ફરેશતાઓ મધે હોમ, દહુંમ, તથા બરજો-ઇઅજદનાં નાંમો વધારે આવેચ તે મલી કુલે ૩૩) ફરેશતાઓ જુદા જુદા એલકાબથી એ લોકોમાં ઓલખાએછે તેની વીગત—

૪ ને-ખોદાતાલાનાં નાંમથી આએ રીતે હોરમજદ, દેપાદર, દપમેહર તથા દેપદીન પીછાંનેછે.

૫ ને-મીનો (ઇઆને બેહશત) ની પાશબાંની કરનારા રાંમ, અશશાંગ, આશમાન, માહરાસપંદ તથા અણારાંણ સમજેછે.

૬ ને-અમેશાશપંદોની પદવીનાં બહમન, અરદીબેસત, શેહરીવર, શપંદાદમદ, ખોરદાદ અને અમેરેદાદ ગણેછે.

૧૮ ને-ઇઅજદ કેહવામો આવેછે તે આદર, આબાં, ખોરશેદ, મોહોર, તેશતરતીર, ગોશ, મેહેર, શરોશ, રશણેશશાત, ફરોખ ફરઅરદીન, બેહરાંમ, ગુઆદ, દીન, આશતાદ, જમીઆદ, હોમ, દહંમ, અને બરજો.

એ ટોલાના એતેકાદ પરમાંણે ખોદા તાલાએ વરશ એકની છ રૂતુમાં આખી દુણીઆંની પેદાએશને હશતી બખશીને તેની ઇઆદગારીમાં દરએક વેલાએ પોતાના ફરેશતાઓ સાથે ગાહંમબારો ઇજેઆ (ઇઆને તેની કીરીઆ કીધી) તેનાં ઠેડવેલાં નામોથી હેઠલ જણાવેલા વખતે તેઓની આરાધના એ લોકોએ જે ચાલુ રાખેલીછે તે આએ રીતે જાણવી.

ગાહંબારોના નામો.	કીયા મહીનામો, અને કીએ રોજે,	થએલી પેદાએસની વીગત.
પેહેલો-મેદીઓજરેમ.	અરદીબેસત મહીનામો રોજ ૧૧ થી૧૫ માં સુધી દીન ૫	આસમાન.
બીજો-મેદીઓશાહેમ.	તીર મહીનામો રોજ ૧૧ થી ૧૫ માં સુધી દીન ૫	પાણી.
ત્રીજો-પેતેશાહેમ.	શેહેરીવર મહીનામો રોજ ૨૬ થી ૩૦ માં સુધી દીન ૫	જમીન.
ચોથો-અઇઆથરેમ	મેહેર મહીનામો રોજ ૨૬ થી ૩૦ માં સુધી. ૫	સઘળી કીસમનાં જાહાડપાનો.
૫ મો-મેદીઆરેમ.	દેએ મહીનામો રોજ ૧૬ થી ૨૦ માં સુધી દીન ૫	ચરંદાં, તથા, પરંદાં, વગેરે સઘળી તરેહના જનજનાવરો.
છઠો -હમશપથમેદેમ.	સપંદાદ મહીનાની પાછળ અહુનુઅદથી તે વહેસતો ઇઅસતસુધી ગાથાના દીન ૫	સઘળાંનાં ઉપીઓગમાટે અકલની હસતીસાથે ઇનશાનો.

તેહવારો તથા તીરથોંની નોંધ.

એ તોલાનાં લોકોને સારૂં તીરથો તથા તેહવારોનાં વરશની શરૂઆતથી તે આખેરી શુધી થેડવાએલા દાહાડાવોની ચોકસ ઈઆદદાસત હેઠલ જણાવેઆ મુજબ આપીએછે.

રોજ.	માંહ.	તીરથોનાં નાંમ.
૧	ફરૂઅરદીન.	નવું શાલ એને નાંરોજખી કેહછે. એ દીને ઈઅજદે-જરદી સને બદલાએ.
૩	”	રપીથવન ઇજવાનો (ઇઆને સરદીની રૂતું દુર થાઈને જાહાડપાંનો ખીલવા સારૂં ગરમી રૂતુ બેશે તેની કીરીઆ કરવાનો) દાહાડો.
૬	”	પેગંમબર સત જરતોસતને જણમેઆનો મુબારક દીવશ, એને ઓરદાદ સાલ કેહછે.
૧૯	”	ગુજરેલાં રવાંણોને અવલ મંજલ પોંહચાડવાની જંગોએ જઇને તેઓની આરાધનાં કરવાનો દીવશ.
૩	અરદીબેશત.	રોજ તથા માંહ એકજ નાંમે આવેઓ તેને જશાન કરી કેહછે.
૧૧	”	મેદીઓજરેમ નાંમનો પેહલી ફશલનો ઘાહમબાર દીન ૫) સુધી.
૬	ઓરદાદ.	રોજ તથા માંહ એકજ નાંમે આવેઓ તેને જશાન કરી કેહછે.
૧૧	તીર.	મેદીઓ શાહેમ નાંમનો બીજી ફશલનો ઘાહમબાર દીન ૫) સુધી; એને તીરીઆંનનાં ઘાહમબારખી કેહછે.
૧૩	”	રોજ તથા માંહ એકજ નાંમે આવેઓ તેને જશાન કરી કેહેછે.
૭	અમેરેદાદ.	” ” ” ”
૪	શેહરીવર.	” ” ” ”
૨૬	”	પેતેશાહેમ નાંમનો તરીજી ફશલનો ઘાહમબાર દીન ૫) શુધી.
૧૬	મેહેર.	મેહરંગાંનનું જશાન.
૨૬	”	અઇઆથરેમ (એને મેહરીઆંનખી કેહછે) નાંમનો ચોથી ફશલનો ઘાહમબાર દીન ૫) શુધી.
૧૦	આબાં.	આબાંગાંનનું જશાન.
૯	આદર.	આદરગાંનનું જશાન.
૧૯	”	ફરૂઅરદીઆંનનું જશાન (હેવાં જશાન દર મહીને એજ રોજે થાએછે પણ આએ મોહટું કેહવાએછે.)
૧	દેએ.	દેએ મહીનાનું પેહલું જશાન.
૮	”	” બીજું ”
૧૧	”	હજરત જરથોશતનો દીશો–ઈઆને એ અશોનર મરણ પાંમેઓ તેની તીરથ કરવાનો દીવસ.
૧૫	”	દેએ મહીનાનું તરીજું જશાન.
૧૬	”	મેદીઆરેમ નાંમનો પાંચમી ફશલનો ઘાહમબાર દીન ૫) શુધી.
૨૩	”	દેએ મહીનાંનું ચોથું જશાન.
૨	બહમન.	બેહમન ચેનું જશાન.

રોજ.	માંહ.	તીરથોનાં નાંમ.
૫	શપેંદાદમદ.	શેકએ કજદુમનું જશાન.
૨૬	„	આશાતાદથી આણારાંન રોજ ઉપરાંત વધારાનાં દીન ૫) મલી કુલ દીન ૧૦) સુધીનાં મુકતાદ ઇઆનેએ લોકોના એતેકાદ, પરમાંણે ગુજરેલાં રવાંનોનું રૂહ આશધનાંની ખશાનુમન લેવા થકી એ દાહાડાઓ ઉપર† આવેછે.
૨૯	„	મીનો મારાશપંદનું જશાન અને એ દાહાડે જરથોસતની પવીતર દીન કુલ દુણીઆંમો જાહેર થાયછે.
ગાથા.	અહોનુઅદથી વહેશતો ઇઅસત શુધી.	હમશપથ મેદેમ નાંમનો છઠી ફશલનો ઘાહમબાર દીન ૫) શુધી. વરશનાં બાર મહીના પુરા થાએઆ પછે એ દન ૫) વધારાનાંછે અને તે છેલ્લો દીવશ અનજાણપણે થાએલા ગોનાહ વીશે તોજેશ માંગી પતેત કરવાનોછે.

જાણવું કે ઉપર જણાવીઆ પરમાણે સઘળી તીરથો તથા તેહવારો કદીમી ટોળાનાં સાહેબોબી એજ રોજે અને માંહે પણ શેહણશાહી ટોળા કરતાં માતરે એક મહીનો આગમજથી કરતા રેહછે અને તેની શરૂઆત ઇઅજદેજદી સાલ ૧૧૧૪)થી શુરત મધે ચાલુ થએલી જણાએછે.

સરકારના શીરેસતા પરમાણે સઘળા લોકોની મુઆફ્રેક એ કોમવાળા જેઓ ચાકરી કરેચ તેઓને તેમના થોડાક તેહવાર ઉપર જાહેરાત અપાતી રજાનાં દીન ૧૧) હેઠલ જણાવેઆ મુજબ મુકરર થએલાછે.

નવાં વરસનો ……	૧ દીવસ.	જમશેદી નારોજનો ….	૧ દીવસ.
ખોરદાદસાલનો ……	૧ „	આબાંગાંનના જશાનનો ..	૧ „
તેને બીજે દાહાડે વળાવાનો	૧ „	આદરગાનન જસનનો. ..	૧ „
આતશબેહરામની શાલગીરેનો ……	૧ „	ફરૂઅરદીઆંનનો જશાનનો.	૧ „
		ગાથા ઘહંમબારના ….	૩ „

* * *

મહંમદીઅનોની બાબદમાં.

તવારીખો ઉપરથી આટલું તો ચોકસ જણાએલુંછે કે હજરત મોહંમદનો હેજરી સને સરૂ થયો તેની કોઇ બામુદત આગમજથી મહીના, દાહાડા, તથા વારોનું બંધાણ ચાલતું હતું તેજ ધોરણને એ કોમના લોકો આજ દાહાડાસુધી વળગી રહેલાછે પણ ચાંદની ચાલ સાથે ઘણુકરીને મહીના જે બદલાયા કરેચ તેથી ચાલુવે હવારમાં દર વરશે ૧૧)દીવસ ઓછા થઈ દીન ૩૫૪)ગણાતા જાએચ તે સુમાર પકડી આપરે તપાસવા બેશીએ તો તે માહેલા એકજ દાખલાથી પરસીધ થઈ શકશે કે જારે ઇઅજદેજરદી સને શુરૂ થયો તારે હેજરી સને

---

† આએ દુનીઆં મધે.

૨૧) મો હતો તેનાં હવડે બેહુના ચાલુ સનેમાં ૪૮) વરસનો ફરક પડેઓછે એટલુંજ નહી પણ બીજી કોમોનાં સનેની પાસેબી તે ધીરે ધીરે ચાલીને નજદીક આવતો દેખાયછે માટે એવીજ રીતે હવે પછે કોઇ લાંબી મુદતે તેથીબી લગાર આગળ વધી જાય તેમાં કશોએ સંધે નહી જાણતાં એ લોકોના મહીનાઓ જે નામથી ગોઠવાએલાછે તેઓને હેઠલ જાહેર કરીએચ.

૧ લો મોહરરંમ.
૨ જો શફર.
૩ જો રબીએઉલઅવલ.
૪ થો રબીએઉલઆખેર.
૫ મો જમાદીએઉલઅવલ.
૬ ઠો જમાંદીએઉલઆખેર.
૭ મો રજબ.
૮ મો શાબાંન.
૯ મો રંમજાણ.
૧૦ મો શાવ્વાલ.
૧૧ મો જીલકાદ.
૧૨ મો જીલહજ.

તારીખોના તો કશાંએ નાંમ જણાવેલાં નથી માટે દર મહીનાની પેહેલીથી કોઇ માશે ૨૯ મી અને કોઇ મહીને ૩૦ મી તારીખ સુધી બોલવા તથા લખવામો આવેછે પણ અઠવાડીઆનાં વારો જે નામથી એ લોકો બોલેછે તેજ માતરે ઈઆદ રાખવા જોગ જણાએછે.

૧ લો ઇદવાર ઈઆને રવી.
૨ જો પીર „ શોમ.
૩ જો મંગલ.
૪ થો બુધ.
૫ મો જુમારાત ઈઆને ભરેશપત.
૬ ઠો જુમા „ શુકર.
૭ મો શનીશચર „ શનેઉ.

તેહવારો તથા તીરથોના દાહાડાઓની ટીપ.

તારીખ તથા મહીનો.		તેહવારોનાં નાંમો.	બોલાશો.
૧	મોહરરમ.	નવું વરશ હેજરી શને બદલાએછે.	ઈમાંમોની માહેતમ કરવાનો દાહાડો શરૂ થાએછે.
૧૦	„	હજરત અલીનાં બેટા ઈમામ હોશેનની કતલની રાત.*	કરબલ્લાનાં મેદાંનમા હેજરી સને ૬૧) માં ૫૭) વરશાની ઉમરે કપાઈ ગએઓ.
૧૧	„	કેટલાક શુંની લોકો તાબુ તોબનાવીને દરીઆમો વધાવેછે.	પઠેલા મહમદીઆંનો એ ચાલ પસંદ કરતા નથી.

---

* શીહા તોલાનાં મુગોલ લોકો દરશાલે મોહટા દમાંમથી "જુલજનાના" ઈઆને ઘોડાવોનું શરઘશ કાહાડીને કોટનાં મોદીખાંનેથી તે છેક બાબુલા તાલવ આગળના ઈમામવાડા શુધી લઈ જતા હતા, તે વખતે તેઓના હરીફ શુની તોલાવાલાઓ સંગાથે મોહટી ખુનાંમરકી ભરેલી મારામારી જે ચાલતી હતી તે બખેડો તદન બંધ પાડવાના હેતુથી તે વખતનાં નામદાર ગવરનર સર રાબરટ ગરાંટની સરકારે તા૦ ૨૩ મી એપરેલ શને ૧૮૩૫ ને મુકાબલે હેજરી શને ૧૨૫૦ નાં જુલહજ મહીનાંની ૨૮ મી તારીખે એક જાહેરનામુ કાહાડીને તે શરઘશ માતરે ઈમામવાડાનાં ચોકમાંજ ફેરવવાનો હોકમ આપેઓ; અને બાહેર ફેરવાની શખત મનાઈ કીધી. જેથી કરી દરશાલનો દુખ ભરેલો જઘડો શાબદો ટલી ગએઓ.

તારીખ તથા મહીનો.		તેહવારોના નામો.	ખુલાસો.
૧૩	સફર.	સેખ મીસરીનો ઓરસ.	
	,,	શફરનો છેલ્લો બુધ.	એ મહીનામો જે તારીએ છેલ્લો બુધવાર હોએ તેને કેહછે.
૧૨	ર-અવલ.	હજરત મહમદના જનમ તથા મરણનો દાહડો.	૬૩)વરશાની ઉમરે પોંચીને પોતાના હેજરી સને ૧૧ મા ગુજરેઓ.
૧૦	ર-આખર	મેદીઓરોશાણ ઈમાને હજરત પીરાંન પીરની અગીઆરમી.	
૧૭	,,	પીરાંનપીર શેખ અબદુલ કાદર ગીલાનીનાં મરણનો દાહાડો.	
૧૩	જ-આ૦	મોહટા કોલાબાનો ઓરશ.	
૩	રજબ.	ફાતીઆ ઈદ.	
૧૩	,,	નાંધલા કોલાબાનો ઓરશ.	
૨૦	,,	મેહરાજે હજરત; મહમદ ૪૦) વરશાની ઉમરે આશમાંન ઉપર જઈ આવેઓ.	કેટલાક લોકો ૨૭ મી; અને કોઇ તો ૨૬ મી તારીખ કેહછે.
૧૪	સાબાન.	સુબે બરાત.	
૧૮	,,	જુની તુરંગ આગલ આસકશાહનો ઓરસ.	
૧	રમજાણ.	રોજા મહીનો બેડો.	
૨	,,	હજરત મહમદની બેટી બીબી ફાતેમા ઝાહારા ગુજરી ગઈ.	હેજરી સને ૧૧ મા ૨૪) વરસની ઉમરે.
૧૩	,,	માંહીમનો ઓરસ.	એ તીરથ સારૂં કોઈબી મહીનો ચોકશ નથી કેમકે તે ઘણુ કરીને દરશાલ હીંદુઓનાં માંગસર શુદી ૧૫ મે થાએછે, પણ તે વખતે રમજાણ મહીનો ચાલતો હોયઓ તે પસાર થએઆ પછે પોશ શુદી ૧૫ મે ભરેછે.
૧	સવ્વાલ.	રોજા ઇદ.	
૧૩	,,	શેખ મોમીનનો ઓરસ.	
૧૦	જુલકાદ.	જુના બંગાલપુરા મધે ખોજાઓની દરઘાહનો ઓરસ.	
૯	જુલહજ.	હજ કરવાનો શઉથી મોહટો દાહાડો.	
૧૦	,,	બકરી ઈદ.	હેની કુરબાની ૧૩ મી તારીખ શુધી ચાલેછે.
૧૪	,,	માંહીમ મધે શેખ મખરૂમનો ઓરસ.	
૧૮	,,	મેમન મોહલામો બરામીઆં સાહેબનો ઓરસ.	
	,,	હજરત અલીનો બેટો ઇમામ હશનને ગુજરવાનો દાહાડો.	હેજરી શને ૪૯ માં કોઇએ ઝેહર દઇને મારી નાખેઓ તારીખની ચોકશ ખબર નથી.

એ ઉપરાંત દર ભરેસપતવારે કબરશતાનોમાં જઈને મઈએતની ઘોડોઉપર શબજો ચહડાવી જીઆરત કરેછે; અને શુક્રવારે જુમાંમશજેદમાં નીમાજ પડવાસારૂં જવાનું ફરમાન તેઓએ કબુલ રાખેલુંછે.

એ કોમનાં શુની ટોલાવાલાવો માહેલા જેઓ ચાકરી કરેચ તેઓને જાહેર તેહવારો ઉપર જે છુટીઓ અપાતી આવેચ તેનાં કુલ દીન ૧૧) હેઠલ જણાવેઆ મુજબ નકી થાએલાછે.

મેહરાજે હજરતનો દીન.	૧	રમજાણ ઈદના દીન.	૨	વફાતે હજરતનો દીન.	૧
શબે બરાતનો દીન.	૧	બકરી ઈદનો દીન.	૧	મેદીએ રેશાનનો દીન.	૧
શબે કદરનો દીન.	૧	આશોરાના દીન.	૨	માહીંમનાઓરરાનો દીન.	૧

એજ કોમના શીહા ટોળાવાલાઓને મલતી રજાનાં ૧૦) દીન જે નકી થાએલાછે તેની વીગત.

સાહ કાદેરનો દીન.	૧	આસોરાના દીન.	૨
રમજાણ ઈદના દીન.	૨	ચીલામનો દીન.	૧
બકરી ઈદનો દીન.	૧	કાટેલ ઈમામઅલીનો.	૧
ઈદ ગાદેરનો દીન.	૧	ઈદ મઓલાદનો દીન.	૧

* * *

ચીના લોકોમા ચાલતા આવેલા રવઇઆનુ મુખતેસર બએઆંન.

પુરૂથવી ઉપરનાં પુરાતમરાજીઅની નીશાણ દાખલ હજીતક શચવાઈ રહેલાં ચીન દેશ સાથે કોઇ લાંમબી મુદત થાઈ આપણા શેહરે વેપાર તથા વેહવારમાં જોડેલા સંબંધ ઉપરથી તાંહાના લોકોની થોડીક હકીગતો વીશે માહીતી મેલવવાની આપણને જે જરૂરછે, તેનુ વરણન વાચનારા સાહેબોની વાકેફગારી માટે અતરે દાખલ કરવાની રજા લઈએછે.

વખતની વેહચણીએ જેમ આંપરી તરફનાં હીંદુઓમાં રેવાજ ધોરન કીધેલો છે, તેમ તેઓબી વરસના બાર મહીનાને ૩૫૪ દાહાડામો પુરા કરી લીએ છે, અને સુરીઅની ચાલ સાથે દરોબસત મેલવવાસારૂં તેજ લોકોની મુંઆફૂક અદીક માંશ લઈને દર બીજે અને તરીજે વરશે ૧૩) મહીના અથવા ૩૮૪ દાહાડાનું વરશ ગણતા રેહચ. શનેની બાબંદમાં ચોકશ ઠેડાવનાં તેઓ નહી હોએઆથી ઈસવી શનેની ૨૬૯૭) વરસ આગમચ "ઈઉટાઈકાઈ" વંશાના તરીજા શાહણશાહ કુઆંગટાઈના રાજના ૬૧) માં વરસની શરૂઆતે (આપણી તરફ ચાલતા શાલીવાનનાં સકનીજ મુંઆફૂક જુદા જુદા નામો આપીને) દર ૬૦) વરસનો એક દોર જેને અંગરેજીમાં "શાઈકલ" કરી કેહચ, તે બાંધેઆમો આવેલોછે. અને તે સાઠ વરસ પુરાં થઈને ૬૧) માં વરસની શરૂઆતથી પાછું

બીજા દોરનું પેહલું વરશ ગણેછે. માટે તેની ઈઆદદાશત સારૂં તેઓએ પોતાની ભાશામો ઠેડવેલાં નામોની એક ટીપ હેઠલ દાખલ કરીએ છે.

૧–કીઆહત્સઝ.
૨–ઈહિ છાઅ.
૩–પીંગ ઈન.
૪–ટીંગ માઅ.
૫–માઅ સીન.
૬–કાઈ શઝ.
૭–કાંગઈઉ.
૮–શીન ઉઆઈ
૯–જીન. સીન.
૧૦–કીઉઈ ઈઉ.
૧૧–કીઆહ શીઉહ.
૧૨–ઈહિ હૈ.
૧૩–પીંગ ત્શી.
૧૪–તીંગ છાઅ.
૧૫–માઅ ઈણ.
૧૬–કાઈ માઅ.
૧૭–કાંગ સીન.
૧૮–શીન સઝી.
૧૯–જીનઈઉ.
૨૦–કીઉઐ ઉઐ.
૨૧–કીહાસીન.
૨૨–ઈહી ઈઉ.
૨૩–પીંગ માઅ.
૨૪–ટીંગ હાઈ.
૨૫–માઅ ત્શઝ.
૨૬–કીછાઅ.
૨૭–કાંગ ઈઈન.
૨૮–શીન માંઅ.
૨૯–જીન શીન.
૩૦–કુઆઈ શઝ.
૩૧–કીઆહ ઈઉ.
૩૨–ઈહ ઉઆઈ.
૩૩–પીંગસીન.
૩૪–ટીંગ ઈઉ.,
૩૫–માઅ શીઉહ.
૩૬–કીઈહૈ..
૩૭–કીંગ ત્શઝ.
૩૮–શીન છાઅ.
૩૯–જીન ઈન.
૪૦–કુઅઈમાઅ.
૪૧–કીહાસીન.
૪૨–ઈહી શઝ.
૪૩–પીંગ ઉઅ.
૪૪–ટીંગ ઉઆઈ.
૪૫–માઅ સીન.
૪૬–કાઈ ઈઉ.
૪૭–કાંગશીઉહ.
૪૮–શીનહૈ.
૪૯–જીનત્શઝ.
૫૦–કુઅઈછાઅ.
૫૧–કીઆહ જીન.
૫૨–ઈહી માઅ.
૫૩–પીંગસીન.
૫૪–ટીંગત્શઝ.
૫૫–માઅ ઉઅ.
૫૬–કાઈ ઉઆઈ.
૫૭–કાંગ સીન.
૫૮–શીન ઉઈ.
૫૯–શીન શીઉહ.
૬૦–કુઅઈ હૈ.

એની શરૂઆતથી તે તા૦ ૮ મી ફેબરવારી સને ૧૮૬૪ ઈસવીએ એ લોકોનું નવું સાલ બદલાએઉ તાંહાંસુધીમાં ૭૫) દોર પુરા થઈને ૭૬) માં દોરનું પેહલું વરશ બેઠું તે હસાબે હવડે ચાલતાં ઈસવી સને ૧૮૭૧ માં ૮ મું વરસ ગણતરીમાં મેળવી લેતાં ૪૫૦૮) મો સને ચોકસ માલુમ પડેછે પણ તે ઘણુકરીને તવારીખ તથા જોતીશીય શાસ્ત્ર શેવાય વેપારવણજનાં કોઈબી કામમાં વપરાએલો દીસતો નથી કેમકે વેપારના કારણસરનો જરથોસતી કોમવાલાઓનીજ પઠે એ લોકો પોતાનો જે શાહણશાહ તખતે બેશે તેની શરૂઆત નવાં વરસથી મુકરર થેડવીને તેનાજ નામનો સને ગણતા આવેછે તે પરમાણે હાલ ચીનનાં તખત ઉપર બીરાજતા શાહણશાહ થૌંગચીના રાજનું ૧૦) મું વરસ તે તરફ ચાલેછે.

એ લોકોનું નવું વરસ ઘણુંકરીને હીંદુઓના માંહાંશુદી પડવાને દાહાડે (કોઈવાર તથીનાં ફેરફારથી પોશ વદી ૦)) એબી આવેછે) બદલાએછે પણ જે વરસમાં અદીકમાસ થાએચ તારે તે વરસ ફાગણસુદી પડવે અથવા માંહાં

વદી ૦)) એ જાએચ અને તે અંગરેજી માસ જાનેવારી તથા ફેબરવારીની વચે આવતું રેહછે એવું બંધાન છતાં કોઈ વરસ બેહુના અદીકમાસ સાથે આવી જાએચ તો તેની નોબત આએ ફકરાની સરૂઆતમાં જણાવેલે મહીને આવેછે. હીંદુઓમાં તથી તથા મહીનાઓના જેમ નામોછે તેમ કાંઈ એ લોકોએ આપેલાં નથી પણ બાર માસને પેહલાથી બારમાં ચાંદ, અને તારીખને પેહુલીથી ૨૯ મી અથવા ૩૦ મી સુધી આએ રીતે વાપરવાશમાં લાવેછે કે "ફલાના શાહણશાહના આતરમાં વરસના આટલા ચાંદનો દીવસ જે હોએ તે" અથવાડીઆંનાબી કાંઈ અલાહેધા નામો જણાતાં નથી પણ માતરે એક રવીવારને તેઓની જુબાનમો "લાહેપાએ" કરી કેહવામો આવેછે. અને બાકીના બીજા વારોને તેની સાથે જોડીને એકથી ૬ સુધી આએ મુજબ ગોઠવી બેસાડેલાછે.

૧ લાહે પાએ ઈઆટ શીમ.
૨ " દહી મંગળ.
૩ " શાંમ બુધ.
૪ લાહેપાએ શીઈ ભરેશપત.
૫ " ઊઆ શુકર.
૬ " લોક શની.

તેહવારો તથા તીરથ પાલવામોબી એ લોકો હીંદુઓનીજ મુઆફેક ભરપુર છે મગર તેની ગોઠવણો એવી તરેહથી બંધ બેસાડેલી જણાએચ કે તેથી કાંઈ સઘળીજ તીરથોમાં ઘણી ધામધુમ જોવામાં આવતી નથી તોબી હેઠલ જણાવેલા તેહવારોમાં આલમના સમાધાની ભરેઆ મેલાવરાથી એ સવરગી રાજનું શેહર ઘણુજ રળીયામણું અને શોભાંયમાન દેખાયછે. જેની કેફીયતથી વાચનાર સાહેબોએ વાકેફ થવું જોઈએ ચીનાં લોકો ખાધ ખોરાકીની બાબદમાં તો કોઈબી કોમની સાથે એક મળતા જણાશે નહી પણ તેઓનો ખરેખરો ધરમ આપરી તરફના શરાવક લોકોનાજ જેવોછે, અને તેઓના મંદીરોમધે થાતી કીરીઆ કરમ સઘળી તેઓનેજ મળતી આવેચ એમાંતો કાંઈજ શક નથી.

તેહવારના દીવશો.

પેહલા ચાંદની તા૦ ૧ લીએ—(ઈઆને ઉપર જણાવેઉચ તે રીતથી માહા અથવા ફાગણશુદી પડવે અને તથીના તફાવતથી પોશ અથવા માંહાંવદી અમાવાશે) નવું વરસ જેને ચીનાઇ બોલીમાં "ઇઉન ટાન" કેહછે. એ દાહાડે જેમ જેને જેવું મવસર થાએ તેવા સફાઈદાર પેહરવાશથી બદનને શીનગારીને પરથમ તો દીવસ ઉગેઆની આગળી મધીઅરાત પછે દેહડાંઓમાં ઇશવરની ભગતી કરવા જાએ, જાંહાંથી પરોડીયાં સુધીમાં ફારેગ થઇને પાછા ફરેઆપછે પોતપોતાના કુટુંબ પરીવાર, તથા દોસત આસનાવોની વચે અરસપરસ મુલાકાત લેવામાં તથા બાગ બગીચાઓ તરફ જઇને અથવા પોતાના ઘેરમાં રહીને ખાધા પીધા તથા જુવા રમવાની ગમતો મેળવવામાં લગભગ એક પખવાડીઉં સુધી રોકાયલા રેહછે, અને માતરે ખાધખોરાકી વેચનારાઓ શીવાય

સઘળી કીસમનો ધંધો રોજગાર બંધ પડેછે. એવે સમે વાદળ જો ખોલ્લું રહીને સુરીઅ પરકાશતો દેખાએચ તો મોજની મજાહ. ઘણાજ રૂડા આશીરવાદભરેલી તેઓ સમજેછે, એટલુંજ નહીં પણ આખું વરસ લાભકારી થવા વીશેની રૂડી વાંણીના શબદોથી સંતોશખી પામેછે, અને ગોબાર અથવા વરસાદ જેવું જરાબી ડોળ દેખાયું તો અપશગણ જેવું વીચારીને મોહ લગાર દલગીરી ભરેઆં કરેછે તેનું કારણ માતર એટલુંજ કે, એ દાહાડાપર ટાહાડની બર મોસમ હોએચ, તારે કોઇ કોઈ સમો વરસાદબી ધીમે ધીમે વરશીને સઘળે ઠેકાણે એવી તો ભીનાશ કરી નાખેચ કે તેથી વખતપર એવો સંજોગ થઈ પડ તો તેઓની મોજ મજાહમાં ખચીત અટકાવ થાએ બાકી બીજી રીતનો અવગણ જે તેઓ વીચારેસ તે કાંઈજ નહીં પણ જાતી વેહેમ છે. એ લોકો ગમે એવી કીસમની ચાકરી કરતા હોય તોબી નવાં વરસનો એક આખો દાહાડો તો પોતાના પરદેશી માલેકોને તાંહાનું કશુંએ કામ બજાવવાથકી ઘણુજ હીનુ વીચારીને તે માહેલા ઘરસંનસારનાં નોકરો તો બેસતાં વરસની આગળી પેહલીજ રાતથી જાહાડ જુહુડ વગેરેનું સઘળું જરૂરીએત જેવું કામ કરીને તેહવારની મોજ મેળવવા માટે પરવાર પામેછે. નરઘેસના ખુશાનુમાં ફુલો પણ એજ ટાંકણો ચીનમાં મળેચ, અને તેનાં નાધલા કેઆરાઓ ચીનીના કુંડાઓમાં ગોઠવીને સરવે લોકો પોતપોતાના ઘેરોમાં રાખી એક અઠવાડીઊં સુધી તેની લપટળીએછે. અને તે પછે તેહવારની સાથે તેનો બાહારબી ખતમ થઇને બીજું નવું વરશ આવે તાંહાંતુલીક તેની કાંઇબી નીશાંની માલુમ પડતીજ નથી.

પેહલા ચાંદની તા૰ ૨ જી—કનતાનની અંદરના નવમા જીલ્લામાં "હુઘસીંગ"ના દેહડાંની આગળ એક પુલ આવેઓચ તેને "ટક-હીંગ" કરી કેહચ તે તરફ "હાકાન-પુ" નામના મોહલામો ફુલના ફાણસો વેચવાનો મોહટો મેળો ભરાએછે. જાંહાં ઘણા લોકો પોતાના બાલ બચાંઓ સાથે બીરાજેછે અને તે માહેલું એકાદું ફાણસ તાંહાંથી સરવે કોઇ ખરીદ કરી લાવીને પોતપોતાના ઘેર માહેલા દેવતાની સનમુખ ટાંગેછે અને એવું સમજેછે કે તેથી કરી તેઓને તાંહાં ધનદોલત તથા છઇયાં છોકરાંઓની વરધી થાએ. એ ફુલનાં ફાણસો ઘણુંકરી ટારટરી લોકો ગરના કાગલોથી બનાવેછે, અને દેખાવમાં તેઓ ઘણાજ સુંદર, અને રળીયામણા માલુમ પડેછે. એ ફાણસ ઉપર ભાતભાતના ચીતારો , જેવા કે ફુલો, છોડવાઓ, પખશીઓ તથા જાહાડો તરેહવાર રંગથી પાડેછે, અને તેની ભીતર વચોવચમાં એક નાધલું ગલાસ જે ગોઠવેલું હોયછે તેમાં તેલ રેડીને જારે દીવો સળગાવેચ તારે તેની રોશણી ઘણોજ રાચરચીલો દેખાવ આપેછે. એ લોકોનાં એકીનમુજબ "કુન-ઇઉન" નામની દેવી જે સરવેનું સદા રક્ષણ કરનારી કેહવાએચ માટે તેની સાહેતા મેળવવા સારૂ તે તરફના કેટલાક ગરીબ લોકો તેની હજુર ઉભા રહીને બંદગીનાં કાંઈક શબદો કાહડેયાપછે તેનીનાં આશીરવાંદ ચાહતા જણાયછે.

પેહલા ચાંદની તા૰ ૧૫ મી—ઘેરેઘેર અને દુકાને દુકાન દીવાની રોશની સાથેલાં એક અથવા બે ફાણસો ટાંગીને પેહલા પખવાડીઆનું પરવ કરેછે જેને "સાંગ ઇઉણ" અથવા "સૌ ટાંગ્ર"ની તીરથ કેહેછે.

બીજા ચાંદની તા૦ ૨ જી-થુટી નામના દેવતાઓ જે ધરથી ઉપર મવફળ હોઆચ તેઓની શાલગીરીનો એ દીવસ ગણાએછે, અને તે લોકો એવું માનેચ કે એ દેવતાઓ દરએકના ઘેરમાં સઘળાઓની ટેબલ નીચે વસેછે, જો કદાપી તમો કોઇબી મોહલાના દરવાજામો પેસતાં પથર; અથવા લાંકડાંની મુરતી જોવો તારે જાણવુ કે એ મુરતી થુટી નામના દેવતા તથા દેવીનીજ છે. એ દીવસે ચીના લોકો જમીન ઉપર માથાં નાંખીને શેજદો કીધા પછે થુટી દેવતાઓને બલીદાનની ભેટ આપીને તે કબુલ રાખવા માટે સોનેરી તથા રૂપેરી કાગળો બાળેછે, અને ફટાકડાઓ ફોડેછે.

બીજા ચાંદની તા૦ ૨૯ મી-એ દીનથી તેઓના મરણ પામેલા વડવાઓ અથવા ખેશીઓ જાંહાં શેવટની છેલી મનજલે પોંહોચેલા હોય, તાંહાં છેક દુર દરાજ જગોએ તેમને શેજદો કરવા સારૂં તેઓ જવા માંડેચ; અને તેટલાં કારણસર તાંહાંથી પાછાં ફરતાં લગભગ એક પખવાડીઊં અથવા મહીનો ભાગેચ તેટલાં તુલીક વેપારનું કામ બંધ પડીને તેવાં મથકો ઘણાજ સુસત જેવાં દેખાયછે અને એ તીરથને "શીંગમીંગ" નુ નામ આપેલું છે.

તરીજા ચાંદની તા૦ ૫ મી-પુકટાઇ નામના દેવતાની શાલગીરેનો દીવસ હોયછે, માટે તેના રૂહને માન આપવાનાં હેતુથી એ દીને જુદાજુદા વરગનાં ધંધાદારીઓ સોજો સફાઇભરેલો પોશાક પેહરીને એક મોહટું શરઘરા કાહડેછે, અને પુકટાઈની મુરતીઓ લઈને મોહલે મોહલે ફેરવેછે.

પાંચમાં ચાંદની તા૦ ૫ મી-દરેગુન બોટો શીનગારીને નદીઓમાં એકથી બીજાં નાકાંની ઠેડવેલી હદ શુધી વજંતરો વજાડતા ફેરવેછે અને એ તેહવારમાં પેહલી તારીખથી તેઓ રોકાએલા રેહછે. તે વીશે હેવું કેહચ કે એ લોકોના શાહણશાહ છાઉનો એક મોહટો વજીર નાંમે ઉઆટ ઇઉન જે ઘણોજ માંનવંતો, અને પરજાની પરતીપાલ કરનારો એક માંહ પુરશ હતો તે શાહણશાહની ખરાબ ચાલ શુધારવા માંટે તે નાંમદારને ઘણી સારી સલાહ આપતો, પણ તે શાહણશાહ કાંઈજે ખાતરમો લાવતો નોહતો, તે છતાંબી એક ભલા પરધાંન તરીકે શીખાંમન દેવાનું તે ઉઆટ ઈઉને જારીજ રાખેઊં તારે તે બાબેનો કરોધ ઉપજાવીને હેવી વાત કરવાથી તેને સખત મનાંઈ કીધી, જેથી કરી તેનાં સઘલા ઉપાય વીઅરથ ગએલા સમજી પોતાનું પરધાનપણું એકદમ છોડી દઇને પોતાને ગાંમ જઇ બેઠો, પણ તેની સારી સલાહનો શાહણશાહે જે તીરસકાર કીધો તેથી તેનું મન દીન બદીન ઘણુજ કચવાટ પાંમેવા લાગું તારે તેનાં કોફમાં પાંચમી તારીએ તે બીચારા પરમાંણીક પરધાંને નદીમો જીહપલાવી દઇને આપઘાત કીધો. એની લાશને સોધી કાહડવાની ઘણીબી કોશેશ થાઈ પણ કોઈબી તરફદથી મુરદું જારે હાથ આવેઊં નહી તારે આસપાસના ગામડાઓમાં રેહનારાઓએ આવો મોડો બનાવ બનેલો સાંભળેઆ ઉપરથી તથા શાહણશાહના સંબંધમાં તેની રૂડી વરતણુકની ઇઆદી ખાતર નદીમાહેલી માછળીઓને બળીદાન આપવાની તઈયારી કીધી. તેનુ કારણ એવું બતાવીઊંચ કે તે ખાવામો રોકાએ તો પરધાનના મુરદાને કશી હરકત

પોંચે નહી, માટે ચોખાની અંદર ગોસતના કટલેસ મેલીને બાંબુના પાતરામાં લપેટી રેશમી દોરીથી બાંધી લીધા પછી સારીપઠે ચેરવીને તેહવો ખોરાક પાણીમાં નાખવા લાગા, જે નદીને તલીયે જઇ બેઠા આગમજ ઘણીક નાંધલી માછલીઓ ઉપર આવતી જોઇ એકીનથી એમજ વીચારેઊં કે, એવો ખોરાક લઇને હવે મોહટી માછલીઓને આપશે. એવા વીચારથી ચીનના સઘળા ભાગોમાં દરસાલ એ દાહાડાઉપર તે વજીરની ઇઆદગારી કાએમ રાખવાના હેતુથી જાણે તેનુ સુરહું શોધવાજ નીકળતા હોય તેમ બોટાને વાવટા ઉપરાંત બીજી રીતે શીંનગાર આપીને વજંતરોના અવાજ સાથે ફટાકરાની ધામધુમથી બોટા ફેરવી લોકોને સારી ગંમત દેખાડતા રેહછે અને એ તીરથને “તુન ઇઓગચીત”નું નામ આપેલું છે.

સાતમાં ચાંદની તા૦ ૭ મી–રોશણીના ફાનસોનો તેહવાર. એવું કેહેચકે ટાંગકાઇ વંશના ૧૦)માં શાહણશાહ સન ત્શુંગનુ રાજ ઇસવી સને ૮૦૫)માં શુરૂ થયું તારથી એ તેહવાર રેવાજ પામેઓછે. નદીમધે લાંગરેલા મોહટા ચીનાઇ જુંકો તથા તે શીવાએના બારકસોના સઘળા ડોલોને નીચેથી ઉપર તુળીક હારેકતાર બતીનાં ફાણસોથી શીનગારીને આખી રાત સુધી એકથી બીજી તરફ ફેરવેછે, અને એ તેહવાર ઘણુ કરી ચાર રાત તુળીક ચાલુ રેહછે.

સાતમાં ચાંદની તા૦ ૧૩ મી–મરણ પામેલા એશીઓને સવરગી દુનીઆંમાં પેહરવા સારૂ પોશાક, વાપરવા માટે ઘર શીનગારનો સામાન તથા ખરચ થકી સોનાં રૂપાંના લાઠા જોઇએ એવા વીચારથી તેવી સઘળી ચીજો કાગળની બનેલી બજારમાં તઇઆર મળે તે લાવીને મરણ પામેલાઓની નઇયતે કાંઇક કીરીયા કીધા પછે પોતપોતાના ઘેરની બાહેર સળગાવી દઇને જે અરપણ કરેચ તે તીરથને “ઇઉલાંણ” કેહવામો આવેછે.

આઠમાં ચાંદની તા૦ ૧૫ મી–દરએક મોહલાના રેહવાશીઓ નાણા હુધરાવીને પોતપોતાની હધનાં એકથી બીજા નાકાસુધી તરેહવાર ચીજોવટે આખા મોહલાઓને શીંનગાર આપી લાગટાગ ૪) દાહાડાતુલીક રાતરે રોશણી કરેછે, જેનુ રાચ રચીલું મુંબઇમાં દીવાળીના મહીમાં જેવું શોભઇતું થાયછે અને તે જોવા માટે હજારો લોકોની રાત અને દાહાડો ભીડ ભાગતી નથી, એ તીરથ “ચુંગછાઓ”ને નામે ઓળખાયછે અને તે ઘણુંકરી દરીઆઇ દેવતાને રાજી રાખવા માટેછે. એટલા દાહાડાતુલીક વખતે વખત ભગતી પણ એ મેળો જાંહાં ભરાએચ તે મોહલાઓની બેહુ બાજુએ વજનતરોના શરોદ સાથે કીધામાં આવેછે.

બારમાં ચાંદની તા૦ ૧૦ મી–શાપાતફુ નામનો જે મેળો ભરાએચ તાંહાં ઘણુકરીને, લોકોએ પઇસાની જામીનગીરીમાં ગીરવી આપેલી અનેક તરેહની વસતુઓ વરસ પુરૂ થવા આવેઆને લીધે હીસાબ બંધ કરવામાટે ગીરવી લેનારાઓ જેમ જાય તેમ વેચી નાખતા જણાએછે–અને તે મેળાવડો હીંઆંની જાતરાઓની મીશાલે લગભગ એકાત અઠવાડીઆંસુધી ભરાએલો રેહછે.

બારમાં મહીનાની છેલ્લી તારીખનો દીવસ કાંઈ તેહવારમાં ગણાતો નથી, પણ સઘળી કીસમના વેપારી તથા ધંદાદારીઓને લોકોપાસેથી લેણું વસુલ કરીને માગનારાઓને દોકડેપાએકે ચુકાવી દેવા માટે વરસનો છેડો લાવનારો હોયછે તો જો કે જેવોથી જેમ બનેચ તેમ પોતપોતાના લેણા દેવાંની સફાઈ આગમજથી તેવો કરતા આવેચ કે મબાદા હેવે ટાંકણે તેઓને તાંહાં તકાદો થાએ નહી પણ એમ કરતાં જેવો પછાત પડેઆ હોએ તેઓને તો દેવું અદા કરવાની એ દાહાડે ફરજ પડેછે; અને તેટલા માટે ચીનાઓની દુકાંણો તથા પેહડીઓમાં માંણશોની ગીરદી હેવી તો હુભાઈ જતી દેખાએચ કે જાંણે દીવાળીની બોંહોણી વેંહચવા જેમ મુંબઈમાં એકને ઘેરનાં માંણસો બીજાને તાંહાં દોડધાંમ કરે તેનાં કરતાં સરસ રીતે હુઘરાંણીની તાકીદના ધસારા થતા રેહછે અને જેને તાંહાંથી દેવું અપાઈ ચુકું કે તે તેની ખુશાલીમાં ફુટાકરાના આવાજની શલાંમતી સહીત પોતાની દુકાંન અથવા પેહડીનો દરવાજો બંધ કરીને બેશતાં નવાં વરસની ધામધુમમો પડેછે અને એ દાહાડે કાંઈજ નહી પણ સહુવારથી તે છેક મોડી રાત તુલીક ફુતાકરાઓનાં જબરા આવાજોથી અસેપાસે રેહનારાઓને અછી ગમત મલેછે. એ ચીના લોકો પોતપોતાંમો દર તરણ તરણ મહીને લેણદેણની સફાઈ કરતા રેહચ તેથી કરી કોઈબી ઉપર કરજનો વીશેસ બોજો પડી સખતો નથી, પણ એમ કરતાંબી તેહવી જોગવાઈઓ જો કદાપી વેઅરથ ગઈ હોએ તો આએ છેલે દાહાડે તેહવાઓ ઊપર ઘણી જાપતી ભરેલી હુઘરાંણી થાએ અને તે વખતે દેવું જો નહીજ અપાઈ સકાએઊ તો પછે તેનું નાંમ અંતે દીવાળીઆમો લખાએછે, માંટે પરમાંણીક પુરૂશો તો પોતાનો વેહવાર હુભો રાખવાની કાલજીથી હરેક તરદુદ વાપરી પોતાનાં કરજનો હક અદા કરી સખેછે, તોપણ દર સાલ ઘણાંક ધનધાદારીઓ માઠાં ભાએગે નાદાર થએઆ વના રેહતા નથી.

પરથવી ઉપર પરખેઆત થાએલા અને જાહોજલાલી ભરેલા મુલુકમાં તરાંબાનાં પઈશા (જેને સપાકા કરી કેહચ અને થોડુંકની વાતપર તાંહાંથી ખાંડીબંધ ઘશડાઈ આવીને અતરે ગલાઈ જતા હુતા તે) શેવાએ બીજો કોઈબી ચીનાઈ રાજનો શીકો ચલણમાં આવેલો નથી કેમકે તે લોકો રોજે અવલથી અપસઅપસનાં લેણદેણમાં રૂપાંનાં લાઠા, અથવા કટકાઓ વજણ કરી વાપરતા આવેચ તે ચાલ હજી શુધીબી માહેલાં ઘણાક મુલુકમો ચાલુ રહેલીછે; પણ બાહેરથી આવેલા પરદેશીઓ સંગાથેના વેહવારમાં પેહલાં તો ઘણું કરી સપાંનીશ શીકાના ડાલરોનું લેણદેણ થાતું હતું તેની જારે ઘણીજ અછત થાઈ પડી તારે સંઘલાઓ એકમત થાઈને ઈશાવી સને ૧૮૫૪ થી મેકજીકન શીકાના ડાલરો જે પેહલાં દશ અથવા ૧૨) ટકાના વટાવથી તાંહાં મલતા હતા તેને સપા-

નીસ ડાલરોની જગોએ શરભરમો વાપરવા માંડેઆ તારથી તે આજ દન તુલીક તેજ શીકો ચલણી થાઈ પડેલોછે અને એજ શીકો હાંગકાંગમોબી અંગરેજી રાજની સથાપણા થાઈ તારથીજ ચાલતો હતો—પણ શને ૧૮૬૩ માં તાંહાં એક અલાહેધી ટંકશાળ બંધાઈચ તારથી તેટલાજ વજણના શોભાવંતા ડાલરો પડીને સંઘલી જગોએ ચાલવા માંડેઆચ એટલુંજ નહી પણ તેના એકસોમાં ભાગે ટરાંબાના દોકડા તથા ચીનાઈ ધપના નાંકાંદાર નાંધલા સપાકાળી પડેઆચ તેથી પરચુટણ આપ લેએમાં ગરીબ ગુરબાંવોને ઘણુંજ સવલ થાઈ પડેલું જણાએછે. કનતાંનનું શેહર ચીનાઈ હકુમતનું હોએઆને લીધે તે તરફ એની સંગાથે મેકજીકેન શીકાના ડાલરોનું ચલણ હજી શુધી ટકી રહીને ગણતરીમાં નહી પણ અશલી રેવાજ મુજબ તોલથી આપ લેએનાં કાંમમો જે આવેછે તેના વજનનું બંધાંન કોઈ મુદતથી થેડવાએલું હેઠલ જણાવીએછે.

૧૦ કાશ તેની કુંદરી ૧—૧૦ કુંદરી તેનો માશ ૧—૧૦ માશ તેનો ટેલ ૧

ટેલ એકનું વજન મુંબઈનાં તોલા ૩) ની ઉપર વાલ નવ થાએ છે તેમાં કાંઈજ ફરક જણાતો નથી. એ ડાલરોની આપ લેએ સંબંધી રીતી હવડાં ઘણીજ ફેરવાઈ ગઈચ—મગર દોહોડ દાએકાની આગમજ શુધી જે હલકી કીશમનો માલ હોએ તેવાં તોલથી તેની કીમત પોશાતી હતી—જેમકે બંગાલી અફીણના અવેજમાં દર ડાલર ૧૦૦) ના ટેલ ૭૧–૮ માશ લેખે, અને માલવી અફીણનો વકરો દરટેલ ૭૧–૭ માશ લેખે મળતો હતો. રૂનો ભાવ ટેલ ઉપર થતો હતો તેથી તેની કીંમતના જેટલા ટેલ થાય તેને દર ડાલર ૧૦૦)ના ટેલ ૭૨) હીસાબમાં ગણતા પણ આપતા તારે દર ટેલ ૭૧–૭ માશ લેખેનાં જેથીકરી માલ વેચનાર કરતાં લેનારને તેમાં ફાએદો જડતો હતો અને બાકીના બીજા સઘળા માલ મધે ડાલર ૧૦૦) ના ટેલ ૭૧–૭ માશથી ઉતરતા ટેલ ૭૧ સુધીનો બંદોબસત હતો પણ સાંભલેઆપરમાણે હવડાં માતરે સગળાજ માલની કીંમતમાં દર ટેલ ૭૧–૭ માશ લેખેના વજનનુ પરમાણ જેમ સાચવી રાખેઉચ તેમ તે માહેલા કોઈક માલની મુદત વાલી આપવાનાં દરમો કાંઈકિ ટકાનો વધારો થેડવેઆમો આવેએછે.

હરેક માલનું વજન કરવાનું હોય તો તેને માટે દર ટેલ ૧૬)ની કાટી ૧) અને દર કાટી ૧૦૦)નો પીકાલ ૧) થેડવાએલોછે. જેને અંગરેજી વજન સાથે સરખાવતાં પીકલ એકનાં રતલ ૧૩૩$\frac{૧}{૩}$ ભાર, અથવા મુંબઈના કાચા મણ ૪ાાા; રતલ એકની કેઆટી ૦ાાા, અને કેઆટી ૧ ના ટોળા ૫૨) નો મુકાબલો એક બીજા શાથે મલી રેહછે. અને તેથી કરી હીશાબ ગણીતમાં કોઈ રીતની અગવડ જોવામો આવતી નથી. પણ અજાએબી ભરેલું એટલુંજ જણા-

એચ કે, એ મુલુકમાં માતરે અકીક દાણાં શેવાએ કોઇબી જીણશ તાંહાં ગણતરીથી વેચાતી નથી, પછે શું ખાધા પીધાની કે વેપાર ઉપીઓગની જેવી હોએ તેનું વજન કરી તેની કીંમતનો દર આપેઆ લીધામા આવેછે. હરેક જાતના કાપરનું ભરત (તેનુબી વજન થએઆ છતાં) કરવા માટે ૧૦) પુનનો એક પાત્ર જે ઠેડવેલો છે, તેનું પરમાણ આપરી તરફનાં ગજ ૦ll ની ઉપર એક તશુ વધારે,—અને ૦ll વારમાં ૩ll ઇંચ ઓછું હોએછે.

ઇઆહુધી તોલાની તવારીખનું ટુક બએઆંન.

હજરત મુશા પેગમબરની ઊંમતનાં આએ લોકો કેહવાએછે; અને તેવોના એતેકાદ પરમાણે ઇશવી શનેની ૩૭૬૧) વરશ આગમજ દુનીઆ પેહલ વેહલી પેદા થાઇચ તેઆરથી તે લોકો પોતાની ઉતપતીની શરૂઆત ગણીને હવડેજ બદલાએલાં ૫૬૩૨) માં શને ઉપર તેવો આવી હુભેલા આપણને દેખાડેછે; તે શુમાર પકડી જોતાં એ ફીરકોબી કાંઇ આજ કાલનો નથી પણ ઘણાજ પુરાતમ વખતથી, જાહોજલાલીમાં ભરપુર હોએલો નીસચે ઠડેછે; લેકીન જમાનાનાં દોરે જેમ સઘલાવોને શીકશતે હાલમાં હોમાવેઆચ; તેમજ તેવોનો શીતારોબી અશત પમાડેઓ તેથી ઘણા હારમાર થએઆ પછે પરાએઆં રાજને આશરે પડીને આખાં ઇઓરોપ ખંડ ઉપરાંત અરબસતાન, ઇરાંન તથા તુરકસતાનમાં વેંહચાઇ ગએઆછે. જેવોની સંખીઆ એકઠી કરીએચ તો મરદો, ઓરતો તથા બાલકો મલીને પોણા કરોડથી કાંઇ ઓછી ગણાતી નથી જે બાબેનું વીશેશ વરણન હવે પછેનાં હમારા ઇતિહાશની નોંધમાં વીશતારી જણાવેઆમાં આવશે. તેટલાં તેવોનાં રેવાજ વીશેનું ટુક બએઆંન વાંચનારા શાહેબોની શેવામા જાહેર કરવાની રજા માગીએચ.

એ લોકોનાં વખતની વેંહચણી વીશે ઠેડવાએલા બંદોબશતની શોધ કીધા ઉપરથી એવું માલુમ પડેઊચ કે એ મુશાઇ તોલામાં ઘણું કરીને ચંદર જારે નવો થાએચ તારેજ તેની સાથે મહીનોબી ચોકશ બદલાએછે, અને તેહવી રીત એ લોકો કેહચ કે દુનીઆની પેદાએશ શરૂ થાઇચ તારથી હાથ જાહાલીને ચાલતા આવીએચ. અને ચાંદરાતથી પેહલી તારીખ ગણીને ૨૯ અથવા ૩૦) મી શુધી દરએક મહીનો જે તે લોકો પુરો કરેચ તેહવા, વરશનાં બાર મહીના હેઠલ જણાવેલાં નામથી તેવોએ બંધ બેશાડેલાંછે.

૧–વીસરી.
૨–હેશવાન.
૩–કીશલેવ.
૪–તબેઠ.
૫–સબાત.
૬–આદાર.
૭–નીશાન.
૮–ઈઆર.
૯–શીવાન.
૧૦–તમુઝ.
૧૧–આબ.
૧૨–એલુલ.

એ મહીનાઓ મધેનો પેહલો, પાંચમો, છઠો, શાતમો, નવમો તથા અગીઆરમો મળી માશ ૬) દરએક દીન ૩૦) નાં, અને ચોથો, આઠમો, દશમો, તથા બારમો મળીને માશ ૪) દરએક દીન ૨૯) નાં આવતા રેહછે. પણ બીજો અને તરીજો કોઈવાર તરીશ તથા કોઈવાર ૨૯) દીવશનાં હોએછે. તે છતાંબી ઘણું કરીને વરશ એકનાં બાર મહીના ૩૫૫) દાહાડામા પુરા થતા જણાએછે. અને શુરીઅની ચાલ શાથે પાછા મળી જવા શારૂ દર તરીજે વરશે બાર માહેલો માતરે એકજ “આદાર” નામનો મહીનો અદીક લઈને બરોબર લાવી મેલવાનો કાએદો તેઓએ રાખેઓછે. હાલ ચાલતું વરશ ૫૬૩૨) મું જેને હીબરૂમાં “રાસ હસનાં” કરી કેહછે તે તારીખ ૧૬ મી શપટેમબર શને ૧૮૭૧ ઈશવીએ જે બેઠુંચ તે ૧૩) મહીનાનું આવેલુંછે. માટે એ લોકોના હશાબ પરમાણે ૫૬૩૩) માં વરશને વાશતે શને ૧૮૭૨ નાં અંકટોબરની તરીજી તારીખ શુધીની વકીએ ઠોભવાની અરજ શાથે તેઓની ગણતરીમા લેવાતા અઠવાડીઆનાં વારો હેઠલ જણાવેઆ મુજબ પરછી લેવાની એલતેમાશ ગુજારીએ છે.

૧ લો લાઆદ	ઈઆને રવી.
૨ જો અનેન	,, શોમ.
૩ જો ટીલાઝા.	,, મંગળ.
૪ થો શેબારી	,, બુધ. *
૫ મો ખમીશ	ઈઆને બરેશપત.
૬ ઠો જુમાં	,, શુકર.
૭ મો શાબાત	,, શની.

એ લોકોમાંબી બીજી કોમોની પઠે ઘણાક તેહવારો આવેછે, પણ જાહેર રીતે બીજા શાહેબોને કાંઈ ઉપીઓગી નહો જણાતા જોઈ આએ મધે દાખલ કરવાનું માંડી વાલેઉછે.

સમાપતીની સોચના.

સમાપતીનો કહુંછું દાહાડોને વાર,
તે સાથે જણાવુંછું વરસોની હાર.
ઓગણીશશોઓ ને સતાવીશાનુ શાળ,
વીકરમનો સંવત જે ચાલેછે હાળ.
આશોવદી અમવાશાને આદીતવાર,
ખીલ્યોછે "પંચાંગ પોથી" નો બાહાર.
બારમી તારીખ ને માહ નવેમબર,
અઢારશોં એકોતેરનાં સને અંદર.
સતરશોં તરાંણું સાળીવાંનશાક,
છે એહાશીમો દરીઆઈ નારોજ હક.
પારશીનો ગુઆદ રોજ આવ્યો,
શેહનશાહી અરદીબેશત માંહ લાવ્યો.
બારશો ચાળીસની ઉપર એકને ગને,
તો થાશે તે ઇઅજદેજરદી સને.
શાબાંણુ મહીનાની તારીખ કહી,
ગંણતરીમો આવેચ અઠાવીશ શહી.
સને બારશોને હેંશીની ઉપર આઠ,
હેજરીની ગણતીનો મળ્યોછે પાઠ.
યોંગચીના રાજનું દસમું વરસ,
છે ચીનનો સાહનશાહ જે સઉથી સરસ.
નવમાં ચાંદનો તરીશમો દીવસ,
ઇઆદછે જીગરમાં જાંહાંતક જીવસ.
તે દાહાડે આ પોથી જે થાઇછે તઇઆર,
ઇશ્વરની કીરપાથી ઉતરીછે પાર.
ગુમાવ્યોછે જેહમાં ઘણોએક વખત,
પોંહચીછે તેમાં મેહનત સખત.
તે લઇનેબી તારીખો એખટી કીધી,
છુપાએલી શોધીને દેખતી કીધી.
સમાવ્યાં સવાશોઓની ઉપર બેઓ,
વરસ, મહીનાં ને તથીઓને.
તે સાથે લાગુ કીધાછે વાર,
જમાવીને દીધીછે કોઠાની હાર.
જાંહાંથી દરીઆઈ નારોજ મળશે,
કદીમીની ધારનાંખી તાંહાંથીજ કળશે.
હવે જેમાં તારીખો અસલથી ચાર,
વધારીને ચીનાઇનો શીનગાર.

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ASIATIC SOCIETY

પમાંડીછે જગમાં તેની હસતી,
કીંમતબી જેની ધરીચ સસતી.
ઠેડવેઆછે રૂપઇઆ ગણતીનાં પાંચ,
હીસાબની રાહે તું ધેઆંન દઇને વાંચ.
ભાંજણીમાં કભુ જે કરશે ન ભુલ,
તે પીછાંણશે દરએક વરસનુ મુલ.
ચાર દોકડાનીબી અંદર પડશે,
ચારશોઓ ખરચતાં કભુ નહી જડશે.
તેહવું પુસતક સઉને સસતું મળેછે,
તે શોધવાની મેનતબી એથી તળેછે.
અગતીઅ વેળાનુ તે આએ દરપણ,
કીધુંછે દાદબાહોને અરપણ.
મેળવીને તેમાંથી હાંશેલ કલાંમ,
પરીતીથી લેજો હમારી સલાંમ.
આએ બંધ કરતાં ઇશાવરની શોડ દાદ,
માંગુંચ કે રાખજે તું પરજા આબાદ.
સંઘળી ગણેઆંતોપર વરસાવી મેહર,
બંચાવજે કદાપી પડે કાંઇ કેહર.
આપજે તેઆને સદાનું સુખ,
કે નેકીનાં કાંમની રીહે સનમુખ.
દેખાડતો નહી કવીતાનો દમાંમ,
ધરૂંછું પોથીને કરી તમાંમ.

સમાપ્ત.

00141176

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 26 June, 2018